ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



### એક સમયે ધમધમતી લઢોદ ગામ પાસે આવેલી સુગર ફેક્ટરી ફરી શરૂ કરવા ખેડૂતોની ઉગ્ર માંગ

## બોડેલીની લઢોદ સુગર ફેક્ટરીમા 1800 જેટલા ખેડૂતોના 11.97 કરોડ રૂપિયા 18 વર્ષ બાદ પણ ન મળતા રોષ

(પ્રતિનિધિ) બોડેલી, તા.2

બોડેલી તાલુકાની સુગર કાંડમાં પ્રસિદ્ધ એવી લઢોદ ગામ પાસે આવેલી સુગર ફેક્ટરીમાં છેલ્લા 18 વર્ષથી ખેડૂતોના બાકી નાણાં નહીં મળતાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અંદાજે 1800 જેટલા ખેડૂતોના લગભગ 12 કરોડ રૂપિયાનાં નાણાં હજુ સુધી ચૂકવાયા નથી એવા ખેડૂતોના આક્ષેપ છે.બંધ પડેલી આ સુગર ફેક્ટરી ખાતે આજે મોટી સંખ્યામાં ખેડૂતો ભેગા થયા હતા અને પોતાના હકના નાણાં વહેલી તકે મળે તે માટે સરકાર સમક્ષ રજૂઆત કરી રહ્યા છે.છોટાઉદેપુર જિલ્લાના બોડેલીના લઢોદ



ગામ પાસે આવેલી સુગર ફેક્ટરી એક સમયની ધમધમતી હતી. આ ફેક્ટરી પર આધારિત હજારો ખેડૂતો પોતાની શેરડીનું વેચાણ કરતા અને રોજગાર મેળવતા હતા. પરંતુ છેલ્લા ઘણા વર્ષોથી ફેક્ટરી બંધ પડેલી હાલતમાં છે. છોટાઉદેપુર, વડોદરા સહિતના જિલ્લાઓના અંદાજે 1800 જેટલા ખેડૂતોના કુલ 11.97 કરોડ રૂપિયા, એટલે કે લગભગ 12 કરોડ રૂપિયાનાં નાણાં છેલ્લા 18 વર્ષથી બાકી છે.મહેનતથી શેરડીનો પાક ઉગાડી ખેડૂતો અહીં વેચાણ કરતા, પરંતુ આજદિન સુધી તેમને યોગ્ય વળતર મળ્યું નથી. જેના કારણે અનેક ખેડૂતો આર્થિક સંકટમાં હાલ જોવા મળી રહ્યા છે

**અમારી મહેનતના પૈસા આજદિન સુધી મળ્યા નથી**

"અમે મહેનતથી શેરડી ઉગાડી, ફેક્ટરીમાં આપી, પણ આજ સુધી પૈસા મળ્યા નથી. વારંવાર રજૂઆત કરીએ છીએ, પણ કોઈ સાંભળતું નથી. હવે સરકાર તાત્કાલિક પગલાં ભરે તેવી પણ ખેડૂતો માંગ કરી રહ્યા છે ખેડૂતોની માંગ છે કે, સરકાર આ મુદ્દે તાત્કાલિક તપાસ કરી બાકી નાણાં ચૂકવાવે તેમજ સુગર ફેક્ટરીને ફરી શરૂ કરવા માટે યોગ્ય પગલાં ભરે.

હવે ખેડૂતો પોતાની બાકી રકમ વ્યાજ સાથે ચૂકવવાની માંગ કરી રહ્યા છે. આ બાબતે ટૂંક સમયમાં જિલ્લા કલેક્ટરને આવેદન આપી ફેક્ટરી પર બોજો દાખલ કરવાની પણ તૈયારી બતાવવામાં આવી છે

ખેડૂતોનું કહેવું છે કે, આ ફેક્ટરી ફરી શરૂ થાય તો આદિવાસી વિસ્તારમાં રોજગારની તકો વધે અને સ્થાનિક અર્થવ્યવસ્થાને વેગ મળે. પરંતુ આજે આ સુગર ફેક્ટરી જર્જરિત હાલતમાં જોવા મળી રહી છે. સમગ્ર વિસ્તાર તબેલાની જેમ ઉપયોગમાં લેવાઈ રહ્યો છે. ફેક્ટરીના બંધ થવાથી ખેડૂતો ઉપરાંત મજૂરો, ટ્રાન્સપોર્ટરો અને વેપારીઓને પણ મોટું નુકસાન થયું છે.

## ચંચોપા કસ્તુરબા ગાંધી વિદ્યાલય ખાતે જિલ્લા કક્ષાનું કલા પ્રદર્શન યોજાયું

**શાળાને** સ્વચ્છતા એવોર્ડ એનાયત આપવામાં આવ્યો

(પ્રતિનિધિ) ગોધરા, તા.2

પંચમહાલ જિલ્લાના ચંચોપા સ્થિત કસ્તુરબા ગાંધી બાળ કન્યા વિદ્યાલય ખાતે તાજેતરમાં ભવ્ય કલા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જિલ્લાની તમામ 17 કસ્તુરબા ગાંધી વિદ્યાલયોની દીકરીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની કલાત્મક પ્રતિભા પ્રદર્શિત કરી હતી.

આ વિશેષ પ્રસંગે ચંચોપા વિદ્યાલયને શ્રેષ્ઠ સ્વચ્છતા માટેની એવોર્ડ ટ્રોફી જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન અરવિંદસિંહ પરમારના હસ્તે એનાયત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શિક્ષણ અને



સ્વચ્છતાના સમન્વય દ્વારા દીકરીઓને પ્રોત્સાહિત કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ચેરમેન અરવિંદસિંહ પરમારે જણાવ્યું હતું કે, દીકરીઓની કલાકૃતિઓ પંચમહાલ સહિત સમગ્ર દેશમાં વિખ્યાત થાય તે માટે આગામી સમયમાં વધુ સંગીન વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવશે. આ પ્રદર્શનમાં ડી.પી.ઓ. ગાયત્રીબેન, જિલ્લા કો-ઓર્ડિનેટર રિપલબેન, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ અર્જુનભાઈ સહિત શાળા પરિવાર, ગ્રામજનો અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ દીકરીઓના કૌશલ્યને બિરદાવી ભવિષ્યમાં આવા આયોજનો દ્વારા શિક્ષણ અને શિસ્તને વધુ વેગ આપવાની ખાતરી ઉચ્ચારી હતી.

### નાગરિકોના સ્વાસ્થ્યની કાળજીની વાતો કરનાર અહીં કેમ ચુપ?

## નોનવેજનો વપરાશ વધ્યો છતાં ખાટકીવાડમાં તપાસ કરતાં ફૂડ ઈન્સ્પેક્ટરોના પગ કેમ ધ્રૂજે છે?

ખુલ્લા માહોલમાં કાપકૂપ, યોગ્ય સફાઈ વિના માંસની હેરફેરથી નગરજનો ત્રાહિમામ

(પ્રતિનિધિ) વડોદરા, તા.2

શહેરમાં નાગરિકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને આરોગ્ય શાખા દ્વારા સમયાંતરે હોટલ, રેસ્ટોરન્ટ, લારીઓ અને ખાણીપીણીના અન્ય ધંધાર્થીઓ પર ચેકિંગ હાથ ધરવામાં આવે છે. દંડની કાર્યવાહી અને દુકાનો સીલ કરવાના ફોટા પણ જાહેર કરવામાં આવે છે. પરંતુ પ્રશ્ન એ છે કે શહેરના વિવિધ વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ચાલતી ચિકન અને મટન શોપ પર આવી જ કડક કાર્યવાહી કેમ જોવા મળતી નથી? શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોમાં નોનવેજ ખાવાનો ટ્રેન્ડ ઝડપથી વધ્યો છે. ખાસ કરીને ચિકન અને મટનના વેપારમાં નોંધપાત્ર વધારો થયો છે.

ખાટકીવાડ વિસ્તારોમાં વહેલી સવારથી જ કતલખાનાં જેવી સ્થિતિ સર્જાય છે. ખુલ્લા માહોલમાં કાપકૂપ, યોગ્ય સફાઈ વિના માંસની હેરફેર, બરફ અને પાણીની અયોગ્ય વ્યવસ્થા, માખીઓ અને દુર્ગંધ જેવી પરિસ્થિતિઓ અનેક જગ્યાએ સામાન્ય છે. છતાં આરોગ્ય વિભાગની હાજરી અને ચેકિંગ ભાગ્યે જ જોવા મળે છે. નાગરિકોમાં સવાલ ઊઠી રહ્યો છે કે શું ફૂડ ઈન્સ્પેક્ટરો માત્ર સરળ લક્ષ્યો પર જ કાર્યવાહી કરે છે? રસ્તા પરની લારીઓ, નાના હોટલધારકો અથવા ગરીબ વેપારીઓ સામે તાત્કાલિક દંડ વસૂલાત થાય છે, પરંતુ ગંદકી વચ્ચે વેચાતું માંસ, પરમિટ વગરની દુકાનો અને સ્વચ્છતા નિયમોના ખુલ્લેઆમ ભંગ સામે તંત્ર મૌન કેમ રહે છે? માંસ અને માછલી જેવા ખાદ્ય પદાર્થો અત્યંત સંવેદનશીલ છે. થોડી પણ બેદરકારી ફૂડ પોઈઝનિંગ, ચેપ અને ગંભીર બિમારીઓનું કારણ બની શકે છે. તાપમાન નિયંત્રણ, સ્વચ્છ કટિંગ સપાટી, ગ્લોવ્સ, એપ્રન અને નિયમિત હેલ્થ ચેકઅપ જેવા નિયમો માત્ર કાગળ પર જ છે કે કેમ, એવો પ્રશ્ન ઉદભવે છે.

## જુના બોરભાઠા બેટ ગામે લીવ ઈન રિલેશનશિપ રહેતી મહિલાનું પ્રેમીએ જ કાસળ કાઢી નાખ્યું

**પ્રેમીએ** લાકડાના ફટકા મારી પતાવી દીધી, આરોપી પોલીસ પકડમાં

(પ્રતિનિધિ) અંકલેશ્વર, તા.2

અંકલેશ્વરના જુના બોરભાઠા બેટ ગામે માણસાઈને પણ શરમ આવે તેવી નિર્મમ હત્યાની ઘટના બની છે.પતિના નિધન બાદ જે વ્યક્તિના સહારે મહિલા રહેતી હતી, તે જ પ્રેમીએ શંકા તેમજ ઝઘડામાં તેની પ્રેમિકાનું કાસળ કાઢી નાખ્યું હતું. લાકડાના ફટકા મારી મહિલાને મોતના ઘાટ ઉતારી પ્રેમી ઘટના સ્થળેથી રફુચક્કર થઈ ગયા બાદ આરોપી ઝડપાઈ ગયો હતો.

ઘટનાની મળતી માહિતી અનુસાર, મૃતક મહિલા 45 વર્ષીય જયાબેન વિનોદભાઈ રાઠોડ પતિનું અગાઉ અવસાન થયું હતું. પતિના મૃત્યુ બાદ મહિલા કેટલાક વર્ષોથી ફળિયામાં રહેતા તેના પ્રેમી રામસિંગ ઉર્ફે રાયસિંગ વસાવા સાથે લીવ-ઈન રિલેશનશિપમાં રહેતી હતી. રામસીંગ વસાવા અવારનવાર જયાબહેનના ચરિત્ર પર શંકા કરીને ઝઘડા કરતો હતો.

તાજેતરમાં ફરીથી બંને વચ્ચે ઝઘડો થતાં રામસીંગે જયાબહેનને લાકડીના ફટકા માર્યા હતા. આ હુમલામાં જયાબહેનને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ગંભીર ઈજાઓ થવાને કારણે મહિલાનું ઘટના સ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.ભાગેલો આરોપીને અંકલેશ્વર પોલીસે ગણતરીના સમયમાં ઝડપી પાડ્યો હતો.

## કતવારા ગામમાંથી રૂ.10.74 લાખ ઉપરાંતના વિદેશી દારૂ-બીયર સાથે આઈસર ગાડી ઝડપાઇ

**વિદેશી** દારૂ-બિયર તથા રૂપિયા ૧૫ લાખની આઈસર ગાડી મળી ,૨૫ .૭૪ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે લીધો

(પ્રતિનિધિ) દાહોદ, તા.2

રાત્રી પેટ્રોલિંગ દરમ્યાન દ્વારા કતવારા પોલીસે મધ્યપ્રદેશ બાજુથી આવતી એક શંકાસ્પદ આઈસર ગાડીનો ફિલ્મી ઢબે પીછો કરતા ગાડીનો ચાલક કતવારા ગામે, કતવારા-આગાવાડા રોડ પર આવેલ કશિશ હોટલની બાજુમાં, હાઈવે રોડ ની નજીક પોતાની ગાડી મૂકી અંધારાનો લાભ લઈ નાસી જતાં, સર્જાયેલા પોલીસે તીષ્ઠરી ગાડીમાંથી રૂપિયા ૧૦.૭૪ લાખ ઉપરાંતની કિંમતની દિતથા બકુલાઓ પાડી લાખની કિંમતની આઈસર ગાળે કુલ રૂપિયા ૨૫૭૪૯૯૦ ના મુદ્દામાલ લીધાનું મળ્યું છે. એક તરફ આગામી હોળીના તહેવારો તેમજ લગ્ન ગાળાની સિઝનમાં તગડો વેપલો રળવા દાહોદ જિલ્લા સહિત સમગ્ર ગુજરાતના બુટલેગરો અને રાજ્ય મધ્યપ્રદેશ તથા રાજસ્થાનમાંથી વિદેશી દારૂ તથા બિયરનો જંગી જથ્થો દાહોદે જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં ઠાલવવા મરણિયા બન્યા છે.

ત્યારે બીજી તરફ પોતાના ઉપરી અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાની પોલીસુ પણ પડશી રાજ્યોમાંથી ગેરકાયદેસર વિદેશી દારૂ ગુજરાતમાં ઘુસાડવાની પેરવી કરી રહેલા બુટલેગરો ઉપર નકેલ કસવા કોટેબદ્ધ બની છે. તેવા સમયે પોતાની કટિબદ્ધતા દાખવવા કતવારા પોલીસ ગઈકાલે રાતે પોતાના પોલીસ મથકના હદ વિસ્તારમાં પેટ્રોલિંગમાં નીકળી હતી. તે વખતે મૃધ્યપ્રદેશ દોડી જીજે ૩૩ટી-૬૯૫૧ નંબરની બ્રાઉન કલરની આઈસર ગાડી કતવારા પોલીસને શંકાસ્પદ લગતા પોલીસે તે ગાડીનો ફિલ્મી ઢબે પીછો કરતાં, પકડાઈ જવાના ડરે તે આઈસર ગાડીનો ચાલક પોતાના કબજાની બ્રાઉન કલરની આઈસર ગાડી કતવારા ગામે કતવારા-આગાવાડા રોડ પર કશિશ હોટલની બાજુમાં ઈંદોર-અમદાવાદ હાઈવે રોડની નજીક મૂકી અંધારાનો લાભ લઈ પોતે નાસી ગયો હતો.

### પાઠ્યક્રમોમાં ભારતીય જ્ઞાન પરંપરાના સમાવવામાં આપ્યો ભાર

## ક્ષમતા સંવર્ધન કાર્યક્રમો ભારતીય જ્ઞાન પરંપરાની સમજ વધારશે : ડૉ. ગોપીચંદ મેરુગુ

સીયૂજીમાં 6-દિવસીય ક્ષમતા સંવર્ધન કાર્યક્રમના સમાપન સમારોહમાં નિષ્ણાતોનું નિવેદન




(પ્રતિનિધિ) વડોદરા, તા.2

ભારતીય જ્ઞાન-પરંપરા કોઈ અલગ અથવા વિશિષ્ટ કાર્યક્રમ નથી, પણ તેનું મુખ્ય ધ્યેય તમામ વિષયોના પાઠ્યક્રમોમાં ભારતીય દૃષ્ટિકોણ, સંકલ્પનાઓ અને મૂલ્યોનો સમન્વિત સમાવેશ કરાવવાનો છે. તેના માધ્યમથી શિક્ષણને ભારતીય ચિંતન, જીવનમૂલ્યો અને સર્વાંગી વિકાસ સાથે જોડીને વધુ પ્રાસંગિક અને જીવનોપયોગી બનાવવામાં આવે છે. આવું કહેતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) ના સંયુક્ત સચિવ ડૉ. ગોપીચંદ મેરુગુ એ જણાવ્યું કે તેઓ ગુજરાત કેન્દ્રીય યુનિવર્સિટી (CUG) ના UGC-MMTTC દ્વારા આયોજિત 'પાઠ્યક્રમમાં ભારતીય જ્ઞાન-પરંપરાના સમાવવામાં' માટેના 6-દિવસીય ક્ષમતા સંવર્ધન કાર્યક્રમના સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સંબોધન કરી રહ્યા હતા. તેમણે જણાવ્યું કે આવા સંવર્ધન કાર્યક્રમોનું ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં ભારતીય જ્ઞાન-પરંપરાની સમજ વિકસાવવાનું અને પાઠ્યક્રમોમાં તેનો અસરકારક સમાવેશ કરાવવાનું છે. આ માધ્યમથી ચરિત્ર નિર્માણ, વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ અને ભારતીય ચિંતન આધારિત સંશોધનને પ્રોત્સાહન મળશે.

## અંકલેશ્વરમાં રૂ. 50 લાખ સામે 1.26 કરોડ વસૂલ્યા છતાં ત્રાસ યથાવત

વેપારીને ધમકી આપનાર ત્રણ વ્યાજખોરોની ધરપકડ

(પ્રતિનિધિ) અંકલેશ્વર, તા.2

અંકલેશ્વર જીઆઈડીસીની જલધારા ચોકડી પાસે આવેલા સહજાનંદ એપાર્ટમેન્ટમાં રહેતા પ્રવિણાબેન મોદીના પતિ કેમિકલ ટ્રેડિંગનો વ્યવસાય કરે છે.તેમણે અફઝલ ફઝલ રહેમાન પઠાણ પાસેથી 4 ટકા વ્યાજે રૂ.50 લાખની લોન લીધી હતી.લોનના સુરક્ષારૂપે રૂ.25-25 લાખના બે ચેક આપ્યા હતા. વ્યાજખોર અફઝલ પઠાણે રૂ.50 લાખ પરત ન થાય ત્યાં સુધી દર મહિને રૂ. 2.15 લાખ ભરવા પડશે તેવી શરત મૂકેલી. આ પ્રમાણે વેપારીએ 45 મહિનામાં રૂ. 96.75 લાખ રોકડ અને ઓનલાઈન રૂ.30 લાખ ચૂકવી કુલ રૂ. 1.26 કરોડ જેટલી રકમ અદા કરી હતી. આટલી મોટી રકમ ચૂકવ્યા બાદ પણ વ્યાજખોરોએ મૂળ રૂ.50 લાખની માંગણી ચાલુ રાખી વેપારીને ધાકધમકી આપી ત્રાસ આપવાનુ ચાલુ રાખ્યુ હતુ. જેના કારણે વેપારીના પત્ની પ્રવિણાબેન મોદીએ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે અફઝલ પઠાણ સહિત ત્રણ ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી અફઝલ પઠાણ, તૌસિફ શેખ અને ઝુબેર શેખને ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે આરોપી અફઝલ પઠાણ ગેરકાયદે રીતે ઊંચા વ્યાજે નાણાં આપી પઠાણી ઉઘરાણી કરતો હતો. તેના સામે અગાઉ આર્મ્સ એક્ટ સહિતના ગુનાઓ નોંધાયેલા હોવાનુ પણ સામે આવ્યુ છે.

## MSUના કુલપતિ પ્રો.ભાલચંદ્ર એમ.ભણગેને ISAS શાસ્ત્ર તેજસ (શૈક્ષણિક) પુરસ્કાર-2025 એનાયત

(પ્રતિનિધિ) 456, તા.10

ઈન્ડિયન સોસાયટી ઓફ એનાલિટિકલ સાયન્ટિસ્ટ્સ દ્વારા ભારતીય વિજ્ઞાન, ટેકનોલોજી અને શૈક્ષણિક નેતૃત્વ ક્ષેત્રે આપેલા મહત્વપૂર્ણ યોગદાન બદલ ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના કુલપતિ પ્રોફેસર ભાલચંદ્ર એમ. ભણગેને પ્રતિષ્ઠિત ISAS શાસ્ત્ર તેજસ (શૈક્ષણિક) પુરસ્કાર-2025 એનાયત કરવામાં આવ્યો છે.

આ પુરસ્કાર કર્ણાટકના બેલગાવી ખાતે 22 થી 24 જાન્યુઆરી 2026 દરમિયાન યોજાયેલા ઈન્ટરનેશનલ એનાલિટિકલ સાયન્સ કોંગ્રેસના ઉદ્ઘાટન સમારંભમાં અર્પણ કરવામાં આવ્યો હતો. કેટાલિસિસ, ઓર્ગેનિક કેમિસ્ટ્રી, ગ્રીન કેમિસ્ટ્રી, આયોનિક



લિક્વિડ્સ, મટિરિયલ કેમિસ્ટ્રી, સસ્ટેનેબિલિટી અને પર્યાવરણ વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં પ્રોફેસર ભણગે દ્વારા કરવામાં આવેલા દીર્ઘકાલીન અને નવીન સંશોધન કાર્ય બદલ આ સન્માન આપવામાં આવ્યું છે

જે ક્ષેત્રો ભારતના વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક વિકાસ માટે કેન્દ્રસ્થાને છે. ISAS દ્વારા જાહેર કરાયેલા અધિકૃત ઉલ્લેખમાં પ્રોફેસર ભણગેને મટિરિયલ અને ગ્રીન કેમિસ્ટ્રી ક્ષેત્રના રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે અગ્રણી નિષ્ણાત તરીકે ઓળખ આપવામાં આવી છે અને તેમને મહત્વપૂર્ણ ભારતીય જ્ઞાન સંપત્તિ તરીકે વર્ણવવામાં આવ્યા છે. ખાસ કરીને દેશ 2047 માં સ્વાતંત્ર્યના શતાબ્દી વર્ષ તરફ આગળ વધી રહ્યો છે, તે સંદર્ભમાં યુનિવર્સીટીના કુલપતિ તરીકે ફરજ બજાવી રહેલા પ્રોફેસર ભણગેના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીમાં સંશોધન ઉત્તમતા, આંતરવિષયક નવીનતા, સસ્ટેનેબલ સાયન્સ અને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ સાથે સુસંગત વિકાસ પર વિશેષ ભાર આપવામાં આવી રહ્યો છે.

## માંજરોલ ગામે ઉત્તરાયણની રાત્રીએ થયેલા જીવલેણ હુમલામાં યુવકનું લાંબી સારવાર બાદ મોત

**ઘટના** બાદ યુવક ને તાત્કાલિક મોટા ફોફળીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યો હતો

(પ્રતિનિધિ) શિનોર, તા.2

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના માંજરોલ ગામે ઉત્તરાયણની રાત્રીએ થયેલા લોહિયાળ હુમલાએ હવે ભયાનક વળાંક લીધો છે. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ૩૩ વર્ષીય યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર,



માંજરોલ ગામે જલારામ મંદિર પાસે રહેતા વિજય બાલુભાઈ પાટણવાડીયા (ઉં. ૩૩) ગત ૧૪ જાન્યુઆરીની મોડી રાત્રીએ પોતાના ઘરમાં સૂતા હતા.

તે સમયે ગામમાં જ રહેતા મહેશ ઉર્ફે જીગો શાંતિલાલ પાટણવાડીયા નામના શખ્સે ઘરમાં ઘૂસીને વિજયના માથામાં પરાઈ વડે જીવલેણ હુમલો કર્યો હતો. હુમલા બાદ વિજય લોહીલુહાણ હાલતમાં પડી રહ્યા હતા. યુવક ને તાત્કાલિક મોટા ફોફળીયા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યા હતા.

ત્યાંથી તબીબોએ તેમની ગંભીર હાલતને ધ્યાને લઈને વડોદરાની એસ.એસ. જી. હોસ્પિટલમાં રિફર કર્યા હતા. જોકે, લાંબી સારવાર બાદ ગત રોજ વિજય પાટણવાડીયાનું મોત નીપજ્યું છે. ડેટ બોડીનું પી,એમ એમના પરીવાર અને પોલીસની હાજરીમાં કરવામાં આવ્યું આ ઘટનાના પગલે સમગ્ર માંજરોલ ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. શિનોર પોલીસે હત્યાની કલમ લગાડવાની તજવીજ હાથ ધરી છે.

### તંત્રની મર્યાદા, ઢીલાશ અને બેદરકારી સામે જનજીવન અસુરક્ષિત

## અંકલેશ્વર નોટિફાઈડ રહેણાંક વિસ્તારોમાં રખડતા પશુઓનો આતંક યથાવત

માનવ સંવેદનશીલતા અને વ્યવસ્થાત્મક અસમર્થતાના સંયોજનના કારણે રહેણાંક વિસ્તારોમાં પશુઓનો ત્રાસ સતત વધારો

(પ્રતિનિધિ) અંકલેશ્વર, તા.2

અંકલેશ્વર નોટિફાઈડ એરિયા હેઠળના રહેણાંક વિસ્તારોમાં રખડતા પશુઓની સમસ્યા દિવસેને દિવસે વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. શહેરના મુખ્ય માર્ગો,



સોસાયટીઓ, બજાર વિસ્તારો તેમજ શાળા-કોલેજ આસપાસ ખુલ્લેઆમ ફરતા પશુઓના કારણે સામાન્ય નાગરિકો, ખાસ કરીને રાહદારીઓ અને દ્વિચક્ર વાહનચાલકો માટે રોજિંદું જીવન જોખમભર્યું બન્યુ છે. અંકલેશ્વર નોટિફાઈડ રહેણાંક વિસ્તારમાં તાજેતરના સમયમાં પશુઓ દ્વારા લોકોને અડફેટ લેવાની, ઈજાઓ પહોંચાડવાની તેમજ આખલાઓ સામસામે બાખડવાના અનેક બનાવો નોંધાયા છે. આવા બનાવોમાં વાહનોને નુકશાન થવા સાથે વાહનચાલકો ગંભીર અકસ્માતનો ભોગ બને છે. વ્યસ્ત સમયગાળામાં આ સમસ્યા વધુ ઘાતક બની રહી છે. નોટિફાઈડ એરિયા ઓથોરિટી દ્વારા સમયાંતરે રખડતા પશુઓને પાંજરે પુરવાની કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ તંત્ર પાસે પશુઓને પકડવા અને રાખવા માટે કોઈ સ્વતંત્ર અને કાયમી વ્યવસ્થા ન હોવાને કારણે ખાનગી ઈજારેદારને ઈજારો આપવો પડે છે. દરેક પશુ દીઠ ચારથી પાંચ હજાર રૂપિયા જેટલો ખર્ચ ચૂકવવો પડતો હોવાથી આ કાર્યવાહી મર્યાદિત અને ટૂંકા સમય પૂરતી જ રહી જાય છે. પરિણામે થોડા દિવસોમાં પશુઓ ફરી રસ્તા પર દેખાવા લાગે છે. વસાહતોમાં પશુપાલકોને ચેતવણીરૂપે નોટિસ બોર્ડ તો મુકવામાં આવ્યા છે, પરંતુ તેમાં દર્શાવેલી જોગવાઈ અનુસાર દંડાત્મક પગલાં લેવામાં આવતા નથી.